સલામી સવારની..

સત્તાની ભૂરકીનો નશો ઉતરે તો સારું !
આ વહીવટી સત્તાધીશો સુધરે તો સારું !
'વિશેષાધિકાર'નો કેફ, ઉતરે તો સારું !
ગૂમાનની 'લાલ લાઈટ' ઉતરો તો સારું !

હાઈકુ

સત્તા એટલે
સેવા - સમર્પણની
સાચી સદન

ખાયકી ગ્રાફ -
લાખોમાંથી કરોડો -
થયો વિકાસ !

ચિંતન

માયા ઈસ ન આપું કહું, જાન કહિઅ સો જીવ ।
બંધ મોચ્છીપ્રદ સર્બ પર, માયા પ્રેરક સીવ ॥

ઉપરોક્ત દોહો અરણ્યકાંડ રામચરિત માનસમાંથી લેવાયેલ છે.

માયા, ઈશ્વર અને પોતાના સ્વરુપને જે નથી જાણતો તે જીવ છે અને (જીવના કર્મ અનુસાર) બંધન તથા મોક્ષ આપનાર, સૌથી પર અને માયાના પ્રેરક છે તે ઈશ્વર છે.

ઈશ્વરે 'માયા' રૂપી જગત-વિશ્વ બ્રહ્માંડનું સર્જન કર્યું. ઈશ્વર એકમાંથી અનેક થયો. કોઈ હેતુ - વિચાર સમજાવવા જેમ 'નાટક'ની રચના થાય તેમાં દિગ્દર્શક પાત્રો હોય એ કાયમી નથી નાટક ચાલે ત્યાં સુધીમાં 'માયા' છે. ઈશ્વર પણ કોઈ હેતુ માટે આ માયાવી જગત નાટકની રચના કરે ઓછે હેતુ પૂર્ણ થતાં 'પરદો' પડી જાય છે.

સુવિચાર

- સહજીવનની સફળતા એકબીજાની સામે બેસીને આંખમાં આંખ પરોવવામાં નથી પરંતુ, એકબીજાની સાથે બેસીને એક જ દિસામાં આંખ દોડાવવામાં છે - **હૃદયસૂત્ર**
- તમે જીંદગીમાં કેટલી વાર રડ્યા તે મહત્ત્વનું નથી,
  તમે કેટલીવાર સ્મિત કર્યા તેને યાદ કરવાનો પ્રયત્ન કરો - **એસ. ભટ્ટાચાર્ય**
- કાંટાથી કાંટો કાઢતો હતો પણ બીજો કાંટો હૃદયમાં જ રહી ગયો - **જોસેફ મેકવાન**
- કોઈ પણ ધર્મના પ્રથમ શ્રદ્ધા છે. જો શ્રધ્ધા ન હોય તો ધર્મનું અસ્તિત્વ શક્ય નથી.
  ધર્મના પોષણ માટે મૌલિક શ્રદ્ધા પ્રથમ અંગ છે - **મોરારિ બાપુ**
- ધર્મનો અર્થ છે જીવનમાં શ્રેષ્ઠ ગુણો કેળવવા જેવા કે નમ્રતા, સત્યતા, સહનશીલતા,
  પવિત્રતા, ત્યાગ દયા વગેરે... - **જ્ઞાનસૂત્ર**
- કોઈની ઉછીની પાંખે ઊડવા કરતાં પોતાના પગે ચાલવું વધારે સારું છે - **સુરેસ દલાલ**
- આજનું ઔષધ : ચણાનો લોટમાં પાણી અને થોડું ઘી મેળવી શરીર પર અને મોં પર માલીશ કરવાથી ચામડી ચમકીલી બને છે. **(સંકલન : દિપક વી. આશરા)**

બોધકથા

ધર્મ-દાન-પુણ્ય કરનારે પોતાનો અહંકાર છોડી 'નમ્ર' બનવું જોઈએ.

એક ડાકુ અને એક સાધુ બંને એક જ દિવસમાં એક જ ઘડીએ મૃત્યુ પામ્યા. બેવ ધર્મરાજાના દરબારમાં એક સાથે ઉપસ્થિત થયા.

ડાકુએ ધર્મરાજા સમક્ષ માથું ઝુકાવી પોતાના કુકર્મો સ્વીકારી લીધા અને જે દંડ આપશો તે મને કબૂલ મંજૂર છે એવું જણાવી લીધું.

બીજી બાજુ સાધુએ પોતાના સુકર્મોની પ્રશંસા કરી સ્વર્ગની માગણી કરી.

ધર્મરાજાએ ન્યાય આપતાં કહ્યું ડાકુને કહ્યું, 'તારે આ સાધુની સેવામાં રહેવું, જેથી તારામાં સદ્ગુણો ઉતરે અને જતે દિવસે તારો ઉદ્ધાર થાય.' આવું સાંભળીને સાધુએ વિરોધ કરતાં કહ્યું, 'આપના નિર્ણય સામે મારો વિરોધ છે. આ ડાકુની સંગતિથી હું ભ્રષ્ટ થઈ જઈશ. માટે આપનો ન્યાય હું સ્વીકારતો નથી.

ધર્મરાજા નારાજ થયા સાધુનો અહંકાર સાંભળી એમણે પોતાના નિર્ણય બદલી અંતિમ નિર્ણય આપતા કહ્યું, 'હવે સાધુ તમે ડાકુની સેવામાં રહેજો જેથી તમારો અહંકાર ઓગળી જાય.'

અતિ મહત્વાકાંક્ષા અને અહંકાર વિનાશ નોતરે છે.

ડ્રેગન સામે સાવચેત રહેવાની તાકીદ

તંત્રીસ્થાનેથી...

કેન્દ્ર સરકારે મોડે મોડે ચીનની આડોડાઈને ગંભીરતાપૂર્વક લીધી છે તે એક રીતે આવકારદાયક બાબત છે તો બીજી રીતે જોતાં કેન્દ્ર ચીન વિશે અત્યાર લગી જે ભ્રમમાં રહ્યું એનો આડકતરો સ્વીકાર પણ છે. ચીનના વડાપ્રધાનને અમદાવાદ તેડાવી સાબરમતી રિવરફ્રંટ પર અછોવાનાં કર્યા, ઝૂલે ઝુલાવ્યા છતાં આખરે તો એ જાત ઉપર જઈને જ રહ્યા. પાકિસ્તાનને ચીન શરૂથી જ 'કુદરતી સાથી' - નેચરલ ફ્રેન્ડ ગણે છે. ભારતને સતત ટેન્શનમાં રાખવું એ ચીની કૂટનીતિનો એક અનિવાર્ય ભાગ છે. ચીન પાકિસ્તાન સાથે મીઠા સંબંધો રાખી એનાં બંદરો અને સ્થાનકોનો વિકાસ કોરીડોરના રૂપકડા નેજા હેઠળ પોતાના ભારત વિરોધી અભિયાન માટે દુરુપયોગ કરી રહ્યું છે. એ 'આઝાદ કાશ્મીરમાં થઈ ધોરી માર્ગો અને રેલવે લાઈનો નાખી ભારતને સ્પષ્ટ સંકેત આપવા માગે છે કે અમે કાશ્મીર મુદ્દે હરહંમેશ પાકિસ્તાન સાથે રહ્યા છીએ અને રહીશું. તાજેતરમાં પાક વડાપ્રધાન નવાઝ શરીફની ચીન મુલાકાત વખતે ચીની વડાપ્રધાન જિન પિંગે ચીન કાશ્મીર મુદ્દે પાકિસ્તાનને જ સાથ આપતું રહેશે એવી ખાતરી ઉચ્ચાર્યા પછી અને દલાઈ લામાને અરુણાચલ પ્રદેશની મુલાકાતની ભારતે આપેલ મંજૂરી સામે નારાજગીભર્યા નિવેદનો કર્યા પછી એટલું તો સ્પષ્ટ થઈ ગયું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીનને પણ રીઝવી-પટાવી શકે એ વાતમાં કોઈ માલ નથી. વિદેશનીતિમાં વિક્રમો સર્જનારી મોદી સરકાર કાશ્મીર મુદ્દે, પાકિસ્તાન અને ચીન સંદર્ભે નિષ્ફળ ગઈ છે. 'પંચશીલ' ના સિદ્ધાંતોનો હવાલો આપી લુચ્ચું ચીન ફરી એક વાર નહેરુની સાથે જેવો દગો કરેલો એવો જ નરેન્દ્ર મોદી સાથે નહીં કરે એની ખાતરી આપી શકાય એમ નથી. આપણાં હિમાલયની છાયા હેઠળનાં સરહદી રાજ્યોના મુખ્યમંત્રીઓની બેઠક બોલાવી કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે ચીનની અણધારી હલચલ પ્રત્યે સતર્ક રહેવાની તાકીદ કરવી પડી છે. ચીન ગમે તે ક્ષણે ભારત પર આક્રમણ કરી શકે છે, જેનો વળતો જવાબ આપવા સૈન્યને પણ સાબદું કરાયું છે. ભારતીય વાયુ સેનાના વડા બી.એસ. ધનવાએ બાર હજાર એરફોર્સ અધિકારીઓને કોન્ફિડેન્શિયલ પત્ર પાઠવી ટૂંકી નોટિસે કોઈ પણ મોટા અભિયાન માટે તૈયાર રહેવાની તાકીદ કરી છે. વાયુસેનાના વડાએ પોતાના હસ્તકને સેના અધિકારીઓને આવો પત્ર પહેલી જ વાર પાઠવ્યો છે, એ બાબત નોંધ લેવા જેવી છે. વાયુસેના પાસે ચીની હુમલાનો પ્રતિકાર કરવા માટે પૂરતા પ્રમાણમાં મૅનપાવર કે શસ્ત્ર સરંજામ નહીં હોવાનો પણ સ્વીકાર કરી કેન્દ્ર સરકારને આડકતરો સંકેત પણ પાઠવી દીધો છે. આત્મસ્તુતિ પાછળ અબજોનો ધુમાડો કરતી કેન્દ્ર સરકાર સરહદો પર પૂરતી સ્કવૉડ્રનો ન આપી શકે, તે કેવી વિડંબના છે ! વાયુસેનાએ આ મુદ્દે ચોખવટ કરી લીધી છે અને જરૂર પડ્યે ઓછા શસ્ત્ર સરંજામ અને મૅન પાવર છતાં ચીન જેવી રાક્ષસી તાકાતને પડકારવાની તૈયારી દર્શાવી છે. વાયુસેનાના વડાએ સેનાની કેડરમાં પ્રવર્તતા મતભેદો અને યૌન શોષણ જેવી સમસ્યાઓની પણ ચર્ચા કરી છે. ટૂંકમાં ઘણા લાંબા સમયથી યુદ્ધ મોરચે સક્રિય નહીં રહેલ વાયુસેનાને એની ખામીઓ પ્રત્યે ખુદ વાયુસેનાના વડાએ જ જાગ્રત કરી કસોટી વખતે સજ્જ રહેવા તાકીદ કરી છે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી કરતાં કેન્દ્ર સરકારને સળગતી સરહદોની સારસંભાળ લેવાની બાબત વધુ અગત્યની લાગવી જોઈએ. ખાટલો મોટી ખોડ એ મુદ્દે છે કે આપણા નેતાઓ અને રાજકીય પક્ષો ચૂંટણી જીતીને સત્તા હાંસલ કરવાની બાબતને જ સૌથી અગ્રતા ક્રમે મૂકવા ટેવાઈ ગયા છે.

માલના ટ્રાન્સફરમાં થતો ફેરફાર હેરફેર બદલ ટ્રાન્સપોર્ટર જવાબદાર

ભારતમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ માલ પહોંચાડવા માટે રેલ્વે અથવા કાર્ગો તેમજ ખાનગી ટ્રકની વ્યવસ્થા છે જે મુજબ પ્રત્યેક ટ્રાન્સપોર્ટરો એક જગ્યાથી બીજી જગ્યાએ માલની હેરફેર ગ્રાહકના જણાવ્યા અનુસાર કરે છે પરંતુ માલ ભરતા માલની વિગતો, નામ, સરનામું, ટેક્ષ ભરપાઈ રસીદ વિગેરે તેમજ કયા પ્રકારનો માલ છે તેની વિગતો મેળવવાની જવાબદારી ટ્રાન્સપોર્ટરોની છે. માલની કસ્ટમ ડયુટી ભરેલ છે કે કેમ તેની ચકાસણી ટ્રાન્સપોર્ટરોએ કરવી જોઈએ. દાણચોરીનો માલ નથી તેમજ કસ્ટમ ચોરીનો માલ નથી તેની જવાબદારી પણ ટ્રાન્સપોર્ટરોની છે. ધંધો કરનાર એજન્સીએ માલ ઉપર ડયુટી ભરેલ છે કે નહિ, ઉત્પાદકે જકાત ભર્યા વગરના માલ ટ્રાન્સપોર્ટરોને મોકલેલ હોય તો તે માલની જવાબદારી ટ્રાન્સપોર્ટરોની છે તેમણે આવા પ્રકારના માલની વિગતો ટેક્ષ, જકાત, કસ્ટમ વિગેરે ભરપાઈ કર્યાની પાવતી ઉત્પાદક ગ્રાહક પાસેથી મેળવવી જોઈએ ત્યારબાદ જ આવો માલ ટ્રાન્સપોર્ટ કરવા લોડીંગ કરવો જોઈએ. રસ્તામાં આવા પ્રકારની ડયુટી ચોરી માટે પકડાય તો જવાબદારી ટ્રાન્સપોર્ટરોની છે. ડિસ્ટ્રીકટ રેવન્યુ ઈન્સ્પેકટરો દ્વારા ચેકીંગ દરમ્યાન આવા પ્રકારનો માલ ટ્રાન્સપોર્ટમાં લઈ જવામાં આવે તો તે ગુન્હો ગણાય છે અને તેની ડયુટી ટ્રાન્સપોર્ટરોને લાગે છે આવા પ્રકારનો માલ સ્વીઝ કરવાનો અધિકાર પણ ઈન્સ્પેકટર પાસે છે તથા રાજયગત કરવાનો અધિકાર પણ છે.

કોઈપણ વ્યક્તિના માલને તેના માલીક સુધી પહોંચાડવાની જવાબદારી સાથે તે માલની કસ્ટમ ડયુટી, જકાત ભરપાઈ થયેલ છે કે કેમ? તે ચકાસણી કરવામાં ટ્રાન્સપોર્ટરોને રસ હોતો નથી તેમને તો તેમના ભાડામાં જ રસ હોય છે. આવા પ્રકારની બેદરકારીમાં કેટલાક લોકો દાણચોરીનો માલ પણ સગેવગે કરતા હોય છે અથવા તો કસ્ટમ ડયુટી ચોરી કરી આવો માલ એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવામાં માલની વિગતો ના દર્શાવી ભળતી વિગતો બિલમાં દર્શાવી કે જણાવી ટ્રાન્સપોર્ટ કરાવતા હોય છે અને બધો માલ પેકિંગ ખોલી ચેક કરવાનો ટ્રાન્સપોર્ટરને સમય પણ નથી હોતો કે તેમના પાસે આધુનિક મશીનો કે સ્ટાફની અછત હોય છે. આવા પ્રકારનો માલ રસ્તામાં ચેકીંગ દરમ્યાન પકડાય તો તે જવાબદારી ટ્રાન્સપોર્ટરની બને છે. ટ્રાન્સપોર્ટરના કાગળોમાં માલનો પ્રકાર કે વિગતો લખેલ ના હોય તેવી માહિતી ટ્રાન્સપોર્ટર કે ડ્રાવરને ના હોય તેવું બહાનું કાઢી બચી શકાતું નથી. માલની પૂરેપૂરી વિગતો, પ્રકાર અને કવોલીટી તથા કવોન્ટીટીની જાણકારી ટ્રાન્સપોર્ટરને હોવી જોઈએ અને તેની એક નકલ વાહન ચાલકની પાસે પણ હોવી જોઈએ આવા પ્રકારના બહાનાથી ગુન્હામાંથી છટકી શકાતું નથી.

કોલકત્તા હાઈકોર્ટે આ પ્રકારનો ચુકાદો આપતા ઠરાવ્યું કે ડ્રાઈવર અને ટ્રાન્સપોર્ટરને તમામ વિગતોની જાણકારી, માહિતી તથા ટેક્ષ ભર્યાની પાવતી હોવી જોઈએ ત્યારબાદ જ એક જગ્યાએથી બીજી જગ્યાએ માલ ટ્રાન્સપોર્ટ કરવો જોઈએ રસ્તામાં ચેકીંગ દરમ્યાન જો જકાત કે કસ્ટમ ડયુટી ભર્યા સીવાયનો તેમજ ગેરકાયદેસર પ્રતિબંધીત માલ મળી આવે તો તેની તમામ જવાબદારી ટ્રાન્સપોર્ટરોની છે. હેરફેરમાં સંડોવાયેલ ટ્રાન્સપોર્ટર પર પણ દંડની જવાબદારી કાયદા મુજબ બને છે.

જે માણસ માલ આપવા આવે તેના ઓળખપત્ર, લાયસન્સ વિગેરેની ખાતરી કરવી જોઈએ. માલ પણ પ્રતિબંધીત પ્રકારનો નથી તથા તમામ પ્રકારના ટેક્ષ ભરેલા છે તેની ચકાસણી ટ્રાન્સપોર્ટરે કરવી જોઈએ.

અનુસંધાન પાના નં. ૫ પર

હૈયે પ્રીત, ગળે ગીત અને મુખે સ્મિત, આ છે જીવન જીવવાની સાચી રીત...!!

મીરાને એમ હતું કે,
ઝેરમાં કેવો નશો છે જોઈ લઉં...
તો, ઝેરને પણ એમ હતું કે
એ બહાને કંઠમાં
કૃષ્ણનો પ્યાર જોઈ લઉં
હૈયે પ્રીત, ગળે ગીત અને મુખે સ્મિત,
આ છે જીવન જીવવાની સાચી રીત...!!

આજના આ સમયમાં જીવન જીવવાનું સ્તર એટલે કે life style ખૂબ બદલાઈ છે. દરેક વ્યક્તિ પોતાની મરજી મુજબ કે ઈચ્છા મુજબનો ખર્ચ કરતી થઈ છે. શનિવાર અને રવિવાર આવે ત્યારે તો શહેરની તમામે તમામ રેસ્ટોરન્ટ મોટાભાગે ઉભરાતી જ જોવા મળે છે. દરેક પાસે સારા કપડાં, મોંઘી ગાડી અને લેટેસ્ટ મોબાઈલ ફોન આવી ગયા છે. પણ આ બધું હોવા છતાં માણસ અંદરથી સાવ ખોખલો હોય એવું લાગી રહ્યું છે. અને માટે જ ડિપ્રેશન અને સ્ટ્રેસનો ભોગ એ ખૂબ ઝડપથી બની જાય છે. તેની પાસે શું છે એ ન જોતાં શું નથી એ જ તેને દેખાયા કરે છે જે એક ચિંતાનો વિષય ગણાય! એક નાનકડી વાર્તા મુકુલ કલાર્થીએ લખેલ છે :

'મહાત્મા તોલ્સતોય પાસે એક જુવાન આવીને કહેવા લાગ્યો : 'હું બહું જ ગરીબ માણસ છું. મારી પાસે એક પાઈ સુદ્ધાં નથી !'' તોલ્સતોય મીઠું સ્મિત ફરકાવતાં બોલ્યા, 'તારી પાસે એક પાઈ સુદ્ધાં નથી ? એમ તે કાંઈ બને ?'

જુવાન દયામણે અવાજે બોલ્યો : 'ના જી, મારી પાસે કશું જ નથી.' તોલ્સતોયે કહ્યું : 'તને એક રસ્તો બતાવું. મારો એક મિત્ર વેપારી, માણસની આંખો વેચાતી લે છે. તે બે આંખના વીસ હજાર આપે છે. બોલ, તારે પૈસાની જરૂર હોય તો તારી બે આંખો વેચવી છે ?'

જુવાન ફાટી આંખે બોલ્યો : 'શું કહ્યું - આંખો ? ના જી ! તોલ્સતોય આગળ બોલ્યા : 'તે વેપારી હાથ પણ ખરીદે છે. બેય હાથના મળીને પંદરેક હજાર આપશે. બોલ, તારે હાથ વેચવા છે ?' પેલા જુવાન ગભરાયેલા અવાજે બોલ્યો : 'ના જી ! મારે હાથ નથી વેચવા !'

તોલ્સતોય હસતા હસતા બોલ્યા : 'તો પછી એમ કર તારા પગ વેચી નાખ. તને બે પગના તે દસ હજાર તો આપશે જ.'

જુવાન તો તોલ્સતોયની વાતો સાંભળીને ધ્રુજતે અવાજે બોલ્યો : 'સાહેબ, આવું બધું આપ શું બોલો છો ? મને તો એ સાંભળીને ગભરામણ થાય છે !'

તોલ્સતોય ખડખડ હસતા બોલ્યા : 'હું તને તારી નિર્ધનતા મટાડવાનો ઉપાય જ બતાવું છું. એમાં ગભરાવા જેવું શું છે ? અચ્છા, સાંભળ. જો તારે ખૂબ પૈસાદાર થવું હોય તો તને એક લાખ રૂપિયા આપીને એ મારો મિત્ર તારું આખું શરીર ખરીદી લેશે. તે વેપારી માણસના શરીરમાંથી ગુપ્ત દવાઓ બનાવે છે, એટલે તને લાખ રૂપિયા એ જરૂર આપશે.બોલ, શો વિચાર છે?'

પેલો જુવાન હિંમત એકઠી કરીને જરા મક્કમ અવાજે બોલ્યો : 'સાહેબ, એક લાખ તો શું - કોઈ કરોડ રૂપિયા આપે તો યે હું મારું શરીર નહીં વેચું !'

એ સાંભળી તોલ્સતોય પ્રેમાળ સ્મિત ફરકાવતા બોલ્યા : 'જે માણસ કરોડ રૂપિયા લઈને પણ પોતાનું શરીર વેચવા તૈયાર નથી, તે જો એમ કહે કે હું સાવ નિર્ધન છું, તો કોઈને હસવું ન આવે ? અરે, ભલા જુવાન, આ આંખો, આ હાથ, આ પગ, આ પ્રાણવંત શરીર એ - સૌ ધનના અખૂટ ખજાના છે. આટલું જોઈ લે અને મહેનત કર. સોનું, રૂપું એ સઘળું પછી કશી વિસાતમાં નથી. ચાંદો-સૂરજ પણ તારા હાથવેંત જ છે.'

આપણી પાસે શું નથી એના બદલે શું છે એ જયારે આપણા યુવાનો સમજતા થઈ જશે ત્યારથી એમને જીવન જીવવાની નવી રીત સમજાશે. મનુભાઈ પંચોળી લખે છે,

"શિક્ષણ ખાતર શિક્ષણ નહીં,
સાહિત્ય ખાતર સાહિત્ય નહીં,
સેવા ખાતર સેવા નહીં.
આ ત્રણેયમાંથી શક્તિ પ્રગટાવી જોઈએ.
માણસ બેઠો થવો જોઈએ.
આવી તાકાત જો ન નીપજતી હોય,
તો શિક્ષણ - સાહિત્ય - સેવા બધું નકામું."

ગાડરીયા પ્રવાહમાં વહી જવાને બદલે યુવાનો પોતાની સ્વતંત્ર બુદ્ધિથી વિચારતા થાય અને પોતે શું કરવું છે અને શા માટે કરવું છે એ દ્રઢપણે સમજતા થશે ત્યારે આપણી સામાજિક ક્રાંતિનો આરંભ થશે. આંધળા પાશ્ચાત્ય સંસ્કૃતિના અનુકરણ કરવાથી પોતાને મોર્ડન સમજનારા લોકો અંદરથી સાવ રૂઢિચુસ્ત માન્યતા ધરાવતા હોય છે. ધ્યાન, મેડીટેશન કે કોઈ સંપ્રદાયથી પ્રેરાઈને એ પોતાની જાતને વિદ્વાન માનવા લાગે છે પણ જ્યાં સુધી એ પોતાના અંતરઆત્માના ઉદ્ધાર માટે કટિબદ્ધ નહિ બને ત્યાં સુધી આ બધું સાવ નિરર્થક છે. વિદ્વતા, દેશદાઝ, સાદગી આ તમામ બાબતો સાહજિક રીતે જ યુવાનોને સમજાય અને તેનું પાલન તેઓ આજીવન કરતા થાય તે માટે તેમના અંતરઆત્માને જાગૃત બનવું પડશે. ગાડરિયા પ્રવાહની જેમ ફૅશન, સ્ટાઈલ અને બાહ્ય સોફિસ્ટીકેશનને બદલે અંદરથી થોડા શુદ્ધ બનીશું તો તેની ચમત્કારિક અસર માત્ર પોતાને જ નહિ આખાયે સમાજને પણ અનુભવાશે.

Last Seen :

'ભારતનું બદકિસ્મત એ છે કે એના જુવાનો ક્રાંતિકારી નથી. જોમવંતા શરીર જેટલી જ અગત્યતા જોમવંતા દિમાગની પણ છે. ભારતને ક્રાંતિની અવશ્ય જરૂર છે - અને તે માત્ર રાજકીય ક્રાંતિની જ નહિ.'

- એન.એન. સચિદાનંદ

- nehalgadhavi101@gmail.com

ભારતીય ન્યાયતંત્ર અને સરકારની લક્ષ્મણરેખાની અગ્નિપરીક્ષા

તાજેતરમાં ભારતીય ન્યાયતંત્રના આંતરકલહની સાથે જ ન્યાયતંત્રનો સરકાર (કારોબારી) સાથેનો ટકરાવ પણ જોવા મળે છે. સમગ્ર દેશની એકતા અને અખંડિતતા માટે ખૂબ જ નિર્ણાયક એવા અદાલતી ખટલાઓનું ભવિષ્ય પણ હાલકડોલક અવસ્થામાં અટવાયું લાગે છે. વડાં પ્રધાન ઈંદિરા ગાંધીના શાસનમાં એમને કહ્યાગરું ન્યાયતંત્ર ખપતું હતું, છતાં સ્વાભિમાની ન્યાયાધીશોએ, તેમના બઢતી અધિકાર છતાં શાસકોના લાડકા ન્યાયાધીશોને આગળ વધવાની તક અપાઈ ત્યારે, રાજીનામાં ધરી દેવાનું પસંદ કર્યું હતું. શ્રીમતી ગાંધીએ ન્યાયતંત્રમાં જ નહીં, લશ્કરી દળના વડાની પસંદગીમાં પણ લૅફ્ટ. જનરલ એસ. કે.

- સત્તામાં કૉંગ્રેસ હોય કે ભાજપ,શાસકોને કહ્યાગરી જ્યુડિશિયરી અને બ્યુરોક્રસી ખપે છે
- ન્યાયમૂર્તિ કર્ણન પ્રકરણની વરવી હૂંસાતૂંસથી સમગ્ર દેશના વ્યવસ્થાતંત્રનો ગરિમાલોપ
- ત્રિપલ તલાક મુદ્દે પંચધર્મી-બૅંચ રચીને સુનાવણી કરવામાં છાસ પણ ફૂંકીને પીવાય છે
- શાસકો અને સરકારી અધિકારીઓની ખરડાયેલી છબીના યુગમાં અદાલતોમાં જનવિશ્વાસ

સિંહાના અધિકારને ડૂબાડ્યો અને જનરલ અરુણકુમાર વૈદ્યને વડા બનાવ્યા હતા. વૈદ્ય પણ સિંહાના અંગત મિત્ર હતા એટલે એમણે સરકારી નોકરી છોડીને સ્વમાનને વહાલું કર્યું હતું. પ્રત્યેક રાજકીય શાસકને નોકરશાહી કે ન્યાયતંત્રની સ્વતંત્રતા કઠતી હોય છે. એટલે જ ન્યાયાધીશોની નિમણૂકો માટેના સુપ્રીમ કોર્ટના કૉલેજિયમની પ્રણાલીને સ્થાને ન્યાયાધીશોની નિમણૂકો માટે રાષ્ટ્રીય પંચની તરફેણ અગાઉની કૉંગ્રેસના વડપણવાળી યુપીએ સરકાર થકી કરાઈ હતી અને છતાં એના અમલ પર સુપ્રીમ કોર્ટના પ્રતિબંધને કારણે હજુ કૉલેજિયમ પ્રણાલી ચાલુ છે. દેશના મુખ્ય ન્યાયાધીશના વડપણવાળા આ કૉલેજિયમ થકી સુપ્રીમ કૉર્ટ કે હાઈ કૉર્ટોના ન્યાયાધીશોની નિમણૂકો માટે નામાવલિઓ કેન્દ્રની સરકારના કાયદા વિભાગને મોકલવામાં આવતાં એમાંનાં અડધાં નામ તો ઈન્ટૅલિજન્સના અહેવાલ પ્રતિકૂળ આવ્યા હોવાના નામે નકારવામાં આવે છે. ન્યાયતંત્ર અને સરકાર વચ્ચે આ ટકરાવ છતાં પણ મોદીયુગમાં ઘણાબધા ન્યાયાધીશોની નિમણૂકો શક્ય બની છે. વર્તમાન મુખ્ય ન્યાયાધીશ જે. એસ. ખેહર થકી અદાલતો અને સરકાર પોતપોતાની બંધારણીય મર્યાદામાં રહીને કામ કરે એવા સંકેત અપાયા પછી આ લક્ષ્મણરેખાનું ઉલ્લંઘન નહીં થાય એ અભિપ્રેત હતું.

ભારતીય ન્યાયતંત્રમાં વડી અદાલત કે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિમણૂક થયા પછી એમને હોદ્દા પરથી દૂર કરવાનું ખાસ્સું મુશ્કેલ બનાવી દઈને સ્વતંત્રતા બક્ષવાનું પસંદ કરાયું છે. ભ્રષ્ટ ન્યાયાધીશોને હોદ્દેથી દૂર કરવાના ત્રણેક પ્રસંગ આવ્યા, ત્યારે બે ન્યાયાધીશોએ તો પોતાની રીતે જ રાજીનામાં આપી દીધાં હતાં, પણ જસ્ટિસ રામાસ્વામી પ્રકરણમાં મામલો સંસદમાં મહાઅભિયોગ (ઈમ્પિચમૅન્ટ) સુધી ગયો, પણ રામાસ્વામીને દૂર કરવા માટે જરૂરી સમર્થન યોજી શકાયું નહોતું.

એ ત્રણ પ્રસંગોથી ન્યાયાધીશ સી. એસ. કર્ણનનો કેસ નોખો છે. એ તો ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા નથી, પણ સુપ્રીમ કૉર્ટ અને હાઈ કૉર્ટના સાથી ન્યાયાધીશો વિરુદ્ધ ભ્રષ્ટાચારના આક્ષેપ કરવાથી લઈને પોતાના ઉપરી ન્યાયાધીશોને પોતાની અદાલતમાં હાજર થવાનો આદેશ કરવા ઉપરાંત પોતે દલિત હોવાથી પોતાની સાથે અણછાજતું વર્તન કરાઈ રહ્યાનું જણાવીને સુપ્રીમ કૉર્ટના ન્યાયાધીશોને પાંચ-પાંચ વર્ષની જેલની સજા ફટકારે છે ! સુપ્રીમ કૉર્ટની બૅંચ આ ન્યાયાધીશનું મગજ ઠેકાણે નહીં હોવાનું માની એને માટે પશ્ચિમ બંગાળ સરકારને મૅડિકલ બૉર્ડની રચના કરીને તેમની માનસિક અવસ્થા તપાસવા આદેશ આપે છે.તબીબો અને પોલીસ એ માટે જાય છે ત્યારે જસ્ટિસ કર્ણન એમને ધમકી આપે છે. વિવિધ કેસમાં સીબીઆઈને તપાસવા આદેશ આપે છે. સાથી ન્યાયાધીશો વિરુદ્ધના એમના આવા વર્તનને પગલે મદ્રાસ હાઈ કૉર્ટથી કોલકાતા હાઈ કૉર્ટમાં એમની બદલી કરાઈ, કોઈ ન્યાય તોળવાનું કામ નહીં કરવા આદેશ અપાયો તો એ ઘરેથી અદાલત ચલાવતા રહ્યા. જ્યારે એમણે સુપ્રીમના ન્યાયાધીશોને પાંચ-પાંચ વર્ષની કેદની સજા સુણાવી ત્યારે ખિન્ન સુપ્રીમે એમને જ છ મહિના કેદમાં રાખવાનો આદેશ આપ્યો. પોલીસતંત્ર એમને પકડવા ગયું ત્યારે ન્યાયાધીશ કર્ણન અલોપ થઈ ગયા, પણ એમને છ મહિનાની ફરમાવાયેલી સજા સામે એમની વતી સુપ્રીમ કૉર્ટમાં પુનઃવિચારની અપીલ કરાઈ. હવે સુપ્રીમ કૉર્ટ એ વિશે વિચારણા કરી રહી છે. પણ ન્યાયાધીશ કર્ણન વિદેશ ચાલ્યા ગયાની ચર્ચા છે. જોકે વકીલોમાં પણ ઈંદિરા જયસિંહ જેવાં આગેવાન વકીલે ન્યાયમૂર્તિ કર્ણન વિરુદ્ધના આદેશથી ખતરનાક પરંપરા સ્થાપાયાનું કહીને એની યોગ્યતા સામે પ્રશ્નો ઊભા કર્યા છે. નવાઈ એ વાતની છે કે ભારતીય પ્રજાને હજુ જે તંત્રમાં વિશ્વાસ ટક્યો છે એ ન્યાયતંત્રના આવા વલણ પછી એના ભણીની શ્રદ્ધા પણ ડગી જવાના સંજોગો સર્જાતા લાગે છે.આ બધું એવા સમયે જઈ રહ્યું છે, જ્યારે દેશ સમક્ષ મહત્ત્વના ખટલાઓ ચાલી રહ્યા છે અને લોકો સુપ્રીમ ભણી મીટ માંડીને બેઠાં છે. કમનસીબે આવા વરવા ટકરાવમાં કોઈ મધ્યસ્થી પણ નથી કરતું.

સુપ્રીમ કૉર્ટના મુખ્ય ન્યાયાધીશ ખેહરે પાંચ ન્યાયાધીશોની બનેલી પંચ-ધર્મી ખંડપીઠ રચીને ત્રિપલ તલાક સહિતના મુદ્દે ચુકાદો આપવા મક્કમ નિર્ધાર કર્યો છે. એમાં ખેહર (શીખ), જસ્ટિસ કુરિયન જૉસેફ (ખ્રિસ્તી), જસ્ટિસ આર. એફ. નરીમાન (જરથોસ્ત્ર-પારસી), યુ. યુ.લલિત (હિન્દુ) અને જસ્ટિસ એસ. અબ્દુલ્લ નઝીર (મુસ્લિમ)ની સમક્ષ આ કેસ ચલાવવાનું નક્કી કર્યું છે. મુસ્લિમોમાં છૂટાછેડા માટે એકસાથે ત્રણવાર તલાક-તલાક-તલાક કહીને પરિણીતાઓને અસલામત સ્થિતિમાં મૂકવાની પરંપરા સામે તલાકશુદા મહિલાઓ જ હવે સુપ્રીમ કૉર્ટમાં લડી લેવા તૈયાર થઈ છે. ૧૯૮૬માંના શાહબાનો કેસનું સ્મરણ કરાવે તેવા અત્યારના સાયરાબાનો વિરુદ્ધ ભારત સરકારના સુપ્રીમમાં કરાયેલા કેસમાં અનેક મુસ્લિમ મહિલા સંગઠનો અને તલાકશુદા મુસ્લિમ મહિલાઓ પણ ફરિયાદ પક્ષે જોડાઈ છે. મામલો સુપ્રીમમાં હતો એટલે સુપ્રીમે ભારત સરકારને નોટિસ આપીને એના વલણને જાણવા ચાહ્યું.મોદી સરકારે ત્રિપલ તલાકને અમાનવીય લેખાવીને તલાકશુદા મહિલાઓના પક્ષમાં સોગંદનામું કર્યું. એટલે મુલ્લા-મૌલવીઓનો એક વર્ગ ભાજપ અને કેન્દ્ર સરકાર સામે ભડક્યો છે, પરંતુ મુસ્લિમ મહિલાઓ ખુશ છે. જોકે, કેન્દ્ર સરકાર તરફથી આ ખટલામાં અદાલતના પ્રતિનિધિ તરીકે એટલે કે ઍમિકસ ક્યૂરી તરીકે કામ કરવા પસંદ કરાયેલા જાણીતા ધારાશાસ્ત્રી અને ડૉ. મનમોહન સરકારમાં વિદેશપ્રધાન રહેલા સલમાન ખુરશીદ તો મુલાકાતોમાં, ત્રિપલ તલાકને ભાજપી નેતાઓ રાજકીય મુદ્દો બનાવી રહ્યાનું કહીને, મોદી સરકારની ટીકા કરે છે. સુપ્રીમ કૉર્ટ આ મામલે સમયસર નિર્ણય પર આવતા પૂરતી તટસ્થતા જાળવીને આગળ વધવા ઈચ્છે છે.

અનુસંધાન પાના નં. ૫ પર